સુવિચાર
''અંગત વ્યકિત સાથેનું મનદુ:ખ કમરના દુ:ખાવા જેવું હોય છે. એ એક્ષ–રે માં પણ ન આવે ને સરખા બેસવા પણ ન દે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૧૧/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ કારતક સુદ–૧૧ વર્ષ : ૧૬ અંક : ૨૭૧

## કમોસમી વરસાદે અમરેલી જિલ્લાનાં તમામ ખેતીપાકોનો કર્યો નાશ

# મદદ કરો : બગસરા, ખાંભા, રાજુલામાં આવેદનપત્ર પાઠવતા ખેડૂતો

જિલ્લાભરનાં રાજકીય આગેવાનો, સરપંચો, ખેડૂત સંગઠનો સહિત સૌ સહાય આપવા કરે છે માંગ

જિલ્લામાં અવિરત કમોસમી વરસાદથી ઘાસચારો પણ પલળી જતાં પશુપાલકો પણ ચિંતિત

અનેક ગરીબ પરિવારોનાં કાચા મકાનો પણ ધરાશાયી થયા હોય ભારે મુશ્કેલી

રાજય સરકાર હજુ પણ સર્વેની રાહ જોઈ રહી હોય લાખો પરિવારોમાં ચિંતાનો માહોલ







તસ્વીર : સમીર વિરાણી–બગસરા, ભાવિક કલસરિયા–ખાંભા







અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડીયાથી કમોસમી વરસાદ પડતાં જિલ્લામાં ખેડૂતોએ દિવસ–રાત મહેનત કરીને તૈયાર કરેલ મગફળી, કપાસ, સોયાબીન, ડુંગળી સહિતનો પાક નેસ્તનાબુદ થયો છે. ઘાસચારો પણ બગડી જતાં પશુપાલકોમાં પણ ચિંતા છે. તો ગરીબ પરિવારોનાં કાચા મકાનો પણ ધરાશાયી થયા હોય જિલ્લાનાં મોટાભાગનાં પરિવારો આફતમાં સપડાયા હોય રાજય સરકાર પીડિત ખેડૂતો, શ્રમિકો અને ગરીબોને ઝડપથી આર્થિક સહાય કરે, ખેત ધિરાણ માફ કરે સહિતની માંગ રાજકીય આગેવાનો, સરપંચો, ખેડૂત સંગઠન કરી રહ્યા છે.

**બગસરા**

બગસરામાં કમોસમી વરસાદમાં ખેડૂતોના ખેતરમાં થયેલ

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંઘીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,07,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૧/૧૧/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### કમોસમી વરસાદે પરેશાની વધારી

# જાફરાબાદનાં ધોળાદ્રી ગામની નદીમાં પુર આવતાં ૧ વ્યકિત તણાયો

## NDRF દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવી

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ બાદ નદીઓ ગાંડીતૂર બનતા ચિંતા સર્જાઈ છે. સતત વરસતા ભારે વરસાદને કારણે જાફરાબાદ તાલુકાના ધોળાદ્રી ગામની નદીમાં અચાનક પૂર આવતાં એક વ્યકિત તણાઈ જવાની

અનુસંધાન પાના ૬ ઉપર



naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) — દિવસ માટે - ૨ (લેડીઝ), રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ)
નર્સિંગ સ્ટાફ (GNM/ANM) — દિવસ માટે - ૪ (લેડીઝ), રાત્રી માટે - ૪ (લેડીઝ)
નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) — દિવસ માટે - ૨, રાત્રી માટે - ૨
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
ઈનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોના-ચાંદીનાદાગીનાની ખરીદી કરો અને મેળવોલાખોની ઈનામો જીતવાની તક...
તા. ૦૧ જુન ૨૦૨૫ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી
63 56 56 00 00
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
MO.96018 98981

24/7
ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
નવજાત શિશુ માટે NICU & બાળકો માટે PICU વિભાગ
બાળકોના રોગોના નિષ્ણાંત, નવજાત શિશુને પેટીમાં(NICUમાં) રાખવાની સુવિધા અને બાળકો માટે PICUની સુવિધા
સંપૂર્ણ મફત*
875 875 4112/3310
શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી

## ''સબકા સાથ સબકા વિકાસ'' સુત્ર માત્ર કાગળ પર, ''ભ્રષ્ટાચારનો સાથ ભાજપનો વિકાસ''નાં સુત્ર સાથે બેફામ વધ્યો ભ્રષ્ટાચાર

# ભાજપમાં ભ્રષ્ટાચાર નહિ પરંતુ ભ્રષ્ટાચારમાં ભાજપ ગળાડૂબ

**ભાજપનાં કહેવાતા દેવદૂત કાર્યકર અને આગેવાનો જ ભાજપ શાસિત પાલિકામાં ચાલતા ભ્રષ્ટાચારને ખુલ્લો કરે છે**

**ચલાલા, લુણાવડા સહિતની ભાજપ શાસિત પાલિકાનાં ભ્રષ્ટાચાર વિરૂધ્ધ ભાજપનાં આગેવાનોની ફરિયાદ**

**રાજ્યમાં ભાજપનાં શાસનનાં કારણે પાલિકાની તિજોરી કંગાળ હાલતમાં આવી ચુકી છે**

**પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવકતા ડો. હિરેન બેન્કરે ભાજપનાં શાસનને ઉઘાડુ કર્યુ**









અમદાવાદ, તા. ૧

ગુજરાતમાં ભાજપ શાષિત નગરપાલિકાઓમાં થઈ રહેલા બેફામ ભ્રષ્ટાચાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડો. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે, ''સબકા સાથ સબકા વિકાસ'' સુત્ર માત્ર કાગળ પર, 'ભ્રષ્ટાચારનો સાથ ભાજપનો વિકાસ'નાં સુત્ર સાથે રાજયમાં બેફામ વધ્યો છે ભ્રષ્ટાચાર. અમરેલીમાં ભાજપમાં ભ્રષ્ટાચારને પગલે જુથબંધી ચરમસીમાએ થયો છે. ચલાલા નગરપાલિકામાં તમામ ૨૪માંથી ૨૦ સભ્યો પ્રમુખ અને ઉપપ્રમુખ સામે લાવ્યા અવિશ્વાસ દરખાસ્ત કરવામાં આવી છે. પ્રમુખ ધ્વારા સામાન્ય સભાઓનું આયોજન કરવામાં નથી આવ્યું. છેલ્લા સાત મહિનામાં માત્ર એકમાત્ર બજેટ બેઠક બોલાવ્યા બાદ આજ દિન સુધી એકપણ સામાન્ય સભા કે બેઠક મળી નથી. આનાથી સદસ્યો વિકાસનાં કાર્યો અને વહીવટી નિર્ણયોમાં ભાગ લેવાથી વંચિત રહ્યા છે. લુણાવાડા નગરપાલિકામાં સ્વિમિંગ પુલના રૂા. ૪૦.૬૯ લાખના ચુકવણાને લઈને ભાજપના જ ૧૧ સભ્યોએ પ્રમુખ કીર્તિ પટેલ વિરૂધ્ધ ચીફ ઓફિસરને ભ્રષ્ટાચારની રજૂઆત કરી છે. સ્ટ્રીટ લાઈટની ખરીદીમાં પણ મોટાપાયે ભ્રષ્ટાચારની વિગતો સામે આવી છે. જેમાં ૩૦૦ રૂપિયાની લાઈટની રૂા. ૨૯૭૮માં ખરીદી કરવામાં આવી છે. આવી જ રીતે રાજકોટ જિલ્લાના ઉપલેટામાં નગરપાલિકા ધ્વારા ટયુબલાઈટ તેમજ કેબલ વાયર ખરીદીમાં ભ્રષ્ટાચાર સામે આવ્યો છે. ઉપલેટા નગરપાલિકામાં ૨૦ લાખની ટયુબલાઈટ ખરીદી કરવામાં આવી જેમાં ૮૦૦ રૂપિયાની ટયુબલાઈટ ૧૯૦૦માં ખરીદી કરી હતી. ગુજરાતની વિવિધ નગરપાલિકાઓમાં બેફામ ભ્રષ્ટાચાર થઈ રહ્યાની ફરિયાદો હવે ભાજપના જ ભાજપના કહેવાતા દેવદૂત કાર્યકર–આગેવાનો જ ભાજપના નગરપાલિકાઓમાં ચાલતા ભ્રષ્ટાચારને ખુલ્લા પાડી રહ્યા છે. ત્યારે ભાજપ કેમ મૌન છે ? આ ભ્રષ્ટાચારીઓ સામે કયારે કાર્યવાહી થશે ?

ગુજરાતની વિવિધ નગરપાલિકાઓની સ્થિતિ દયનીય છે. નગરજનોને સુવિધા આપવામાં સદંતર નિષ્ફળ નીવડી છે. ભ્રષ્ટાચારમાં ભાજપ નહિ પરંતુ ભ્રષ્ટાચારમાં ભાજપ ગળાડૂબ છે. ભાજપના સત્તાધીશો માત્ર પોતાના ખિસ્સા ભરવામાં વ્યસ્ત હોય તેમ વર્તી રહ્યા છે. સૌરાષ્ટ્રની મોટાભાગની નગરપાલિકાની કંગળા હાલત છે. નગરપાલિકાઓનાં વીજબિલ ભરવાના ફાંફા છે. સૌરાષ્ટ્ર–કચ્છની કુલ ૬૭ નગરપાલિકા અધધધ રૂા. ૩૯૫ કરોડની રકમ બાકી હતી અને તેમનું વીજ કનેકશન સંપૂર્ણ કાપી શકતા નથી તેમ વીજ કંપનીનાં અધિકારી જણાવી રહ્યા છે. નગરપાલિકાની તિજોરીનાં ખાલીખમ થઈ ગઈ છે. વીજ બીલ ભરવા માટે પણ નગરપાલિકાઓએ વ્યાજે રૂપિયા લેવા પડે તેવી સ્થિતિ આવી છે. શું ભાજપનાં સત્તાધીશો નગરજનોને લૂંટવા જ બેઠા છે ? નગરપાલિકામાં બેઠેલા ભ્રષ્ટાચારીઓ પર કડક કાર્યવાહી કરવામાં આવે અને નગરપાલિકાની તિજોરીને થતા નુકસાનને સત્વરે અટકાવવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

## રવિભાઈ કયાડા, અમાનભાઈ સેલોત અને વિનોદભાઈ પ્રજાપતી નામના

# અમરેલી, રાજુલા અને હાંસલપુરનાં 3 ઈસમોએ રૂપિયા ૧.૨૩ કરોડ જેવી રકમ સાયબર ફ્રોડથી મેળવી લીધી

અમરેલી, તા. ૧

અમરેલીમાં આવેલ ભોજલપરાના રામજી મંદિરની બાજુમાં રહેતા રવીભાઈ સુરેશભાઈ કયાડા, રાજુલા ગામે રહેતા અમાન યુસુફભાઈ સેલોત તથા વિરમગામના હાંસલપુરમાં રહેતા વિનોદભાઈ ભરતભાઈ પ્રજાપતિ નામના ત્રણેય આરોપીઓએ મળી સાયબર ફ્રોડના મળેલ કુલ રૂપિયા ૧,૨૩,૯૧,૮૬૨ સગેવગે કરવા માટે થઈ રાજુલાના રીયા ફુડના નામે પ્રોપરાઈટર ફર્મના ધારક અમાન યુસુફભાઈ સેલોત (રહે. રાજુલા)ના નામે રાજુલા બેંક ઓફ બરોડામાં ચાલતા કરંટ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી આ ખાતામાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણવા છતાં પોતાના આર્થિક ફાયદા સારૂ પોતાના રીયા ફુડ નામથી ચાલતા બેંક ઓફ બરોડા બેંકના ખાતામાં તા. ૧૮/૮/૨૫ થી તા. ૨૨/૮/૨૫ સુધીમાં સાયબર ફ્રોડના રૂપિયા જમા કરાવી તે રૂપિયા ચોરીના હોવાનું જાણવા છતાં બેંક ખાતામાં મેળવી સદર ખાતામાંથી ચેક, RTGS, NEFT, IMPS મારફતે વીડ્રોલ કરી સગેવગે કરી લીધાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## કમોસમી વરસાદથી ખેતીપાકો બરબાદ થયા હોય

# બાબરા ખાતે ડિજિટલ સર્વેનાં વિરોધમાં ખેડૂતો અને સરપંચોની બેઠક યોજાઈ

**જો કે સાંસદે સર્વે નહી થાય તેવી ખાત્રી આપતાં ખેડૂતોમાં રાહત**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

સમગ્ર રાજયમાં અને સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો તૈયાર પાક નિષ્ફળ જતા ખેડૂતો દેવાના ડુંગર હેઠળ દબાય ગયો છે અને રાજય સરકાર દ્વારા ડિજિટલ સર્વે શરૂ કરાવતા ખેડૂતોમાં વિરોધ શરૂ થયો હતો. ત્યારે બાબરામાં પણ નુકશાનીના વળતરમાં ડિજિટીલ સર્વે બાબતે વિરોધ માટે ખેડૂતો અને સરપંચની બેઠકનું આયોજન તાલુકાના દરેડ ગામના માજી સરપંચ અને ખેડૂત અગ્રણી વનરાજભાઈ વાળાની આગેવાની હેઠળ અહીં માર્કેટીંગયાર્ડમાં યોજાય હતી.

જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂત અગ્રણી વનરાજભાઈ વાળાએ જણાવ્યું હતું કે માવઠાના મારના કારણે ખેડૂતોના ખેતરમાં કહી રહ્યું નથી ટૂંકમાં ખેડૂતો પાસે ખાવાના રહ્યા નથી. ખેડૂતની આકરી મહેનત અને નાણાં આ વરસાદનું પાણી તણી ગયું છે. અહીં યાર્ડમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને સરપંચ ભેગા થઈ એકીસુરે ડીઝીટલ સર્વેનો વિરોધ નોંધાવ્યો હતો

યાર્ડમાં ખેડૂતો અને સરપંચ ભેગા થતા જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ અને હિંમતભાઈ દેત્રોજા તાકીદે દોડી આવ્યા હતા અને ખેડૂતોના કપરા સમયે રાજય સરકાર હમેશા ખેડૂતોની પડખે ઉભી રહી છે અને ઉભી રહેવાની છે. તે વાત કરી ખેડૂતોને શાંત કરી સાંસદ ભરતભાઈ સુતરીયાને વીડિયો કોલમા જોડી ખેડૂતો સાથે વાત કરાવી હતી.

જેમાં સાંસદ દ્વારા ખેડૂતોને ખાત્રી અને અશ્વસ્થ કરી જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા કોઈપણ જાતનો ડીઝીટલ સર્વે કરવામાં નહી આવે માત્ર ગ્રામ પંચાયત કચેરી દ્વારા મંત્રી અને સરપંચ પંચરોજ કામ કરી ખેડૂતની નુકસાનનો સર્વે કચેરીમાં કરવામાં આવશે. આમાં ખેડૂતોને કયાંય જવાનું નથી કે ખેડૂતોના ખેતરોમાં કોઈ સર્વે વાળાને આવવાનું નથી ખેડૂતોના હિત રાજય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. તેવું જણાવ્યું હતું.

ખેડૂતો દ્વારા સાંસદ ભરતભાઈ સુતરીયાની વાત અને રાજય સરકારના નીર ૬ ને વધાવી લીધો હતો તેમજ ખેડૂતો વતી ખેડૂત અગ્રણી વનરાજભાઈ વાળાએ જણાવ્યું હતું કે માવઠાના કારણે ખેડૂતોને ખૂબ નુકશાન થયું છે. તેનો અંદાજ કાઢવો અશકય છે. ત્યારે રાજય સરકારમાં પૂરતા પ્રમાણમાં મદદ કરવામાં આવે અથવા ખેડૂતોને દેવું માફ ધિરાણ માફ કરવામાં આવે તોજ ખેડૂતો બેઠા થઈ વાહકે કારણ કે સિઝનનો તમામ ખરીફ પાક નિષ્ફળ થયો છે.

## ગામને એકમ ગણીને ઝડપથી સર્વે પુર્ણ કરવાનો નિર્ણય

# કમોસમી વરસાદથી પરેશાન થયેલ ખેડૂતની મદદે આવી સરકાર : કસવાલા

**ખેડુતોના હિતમાં સરકારે ઉમદા નિર્ણય કર્યો**

અમરેલી, તા. ૧

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલાએ રાજય સરકારે દરેક ખેતરનું સર્વે કરવાને બદલે ગામને એકમ કરવાનો નિર્ણય કરીને ઝડપથી કામગીરી પુર્ણ કરવાનો કરેલ નિર્ણય આવકાર્યો છે.



તેઓએ જણાવ્યુ હતુ કે, મગફળી, કપાસ, સહિતનો ખેતી પાક સંપુર્ણ નાશ પામેલ હોય તેવા સમયે ખેડુતોને ઝડપથી આર્થિક સહાય કરવા માટે યુધ્ધના ધોરણે સર્વે કરવા જરૂરી હોય ગામને એકમ ગણીને સર્વે થશે એટલે ખેડુતોને ઝડપથી મદદ મળશે.

# બાબરા ભાજપ અગ્રણીની ઓફિસે ભાજપ પ્રમુખ કાનાણી




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

બાબરામાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા શહેર ભાજપ અગ્રણીઓની શુભેચ્છાઓ મુલાકાત કરી.

શહેર ભાજપ ઉપ પ્રમુખ કિરીટ બગડાંની ઓફિસ ખાતે જિલ્લા પંચાયતના સભ્ય સહિતના અગ્રણીઓની શુભેચ્છા મુલાકાત કરી શહેર સંગઠનની ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું.

કિરિટભાઈ બગડા નિલેશભાઈ બગડા પરિવાર દ્વારા જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણીનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

## સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળી દ્વારા

# કુંકાવાવનાં સભાસદોને ૧૦ ટકા ડીવીડન્ડ આપવાનો પ્રારંભ

**મંડળીની તમામ શાખાનાં સભાસદોને મળશે લાભ**




તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

અમરેલી, તા. ૧

કુંકાવાવમાં આવેલી સૌરાષ્ટ્ર નાગરીક શરાફી સહકારી મંડળીની શાખા દ્વારા આજે તા. ૧/૧૦/૨૫ના રોજ તમામ સભાસદોને ૧૦ ટકા ડીવીડન્ડ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં મંડળીના મુખ્ય ચેરમેન અનીલભાઈ વેકરીયાના માર્ગદર્શન સાથે બોર્ડ ઓફ ડિરેકટરો એમ.ડી. જયસુખભાઈ ગોંડલીયા, મંત્રી રૂપલબેન સરવૈયા, વાઈસ ચેરમેન દિવ્યેશભાઈ વેકરીયાની જહેમતથી મંડળીની ઉત્તરોતર પ્રગતી થઈ રહી છે જેના કારણે તમામ સભાસદોને વિશ્વાસ વધ્યો છે. અને આ વર્ષે તમામ શાખાના સભાસદોને ૧૦ ટકા ડિવીડન્ડ જાહેર કર્યુ છે. અને જેના વિતરણની કાર્યક્રમ કુંકાવાવ શાખાના એમ.ડી. ભરતભાઈ કાનાણી તથા ડિરેકટરો વીઠલભાઈ કોરાટ, હિતેશભાઈ બોદર, પ્રીતેશભાઈ ડોબરીયા, રીટાબેન જીવા, પરસોત્તમભાઈ રાખોલીયા, બાબભાઈ કોટડીયા સહીતના ડિરેકટરોની હાજરીમાં આજે તા. ૧/૧૧/૨૫ના રોજ ડીવીડન્ડ આપવાનો સુપ્રારંભ કરવામાં આવ્યો હતો. આમ દિનપ્રતિદન મંડળી પ્રગતી કરીને સભાસદોનો વિશ્વાસ જીનવામાં સફળ રહી છે.

## રહેણાંક મકાન અને કારનાં વેચાણનાં નામે રૂપિયા મેળવી લીધા

# લાઠીનાં છભાડીયા ગામનાં યુવક સાથે પાંચતલાવડાનાં ઈસમે ૬.૫૦ લાખનો કર્યો વિશ્વાસઘાત

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧

લીલીયા તાલુકાના પાંચતલાવડા ગામે રહેતા આરોપી જયદિપ પથુભાઈ ખુમાણને સુરત મુકામે પોતાનુ મકાન હોય જે મકાન લાઠી તાલુકાના છભાડીયા ગામે રહેતા જનકભાઈ બાબુભાઈ વનાળિયા નામના ૩૫ વર્ષિય યુવકને નવ લાખ રૂપિયાની કિંમતમાં વેચવાનુ કહીને, દામનગર અવેડા ચોકમાં યુવકે વિજયભાઈ બચુભાઈ ગોહિલની હાજરીમાં રૂપિયા ૫ લાખ રોકડા લઈ જઈ બાદમાં આ મકાનના વેચાણ કરાર કે પાંચ લાખ રોકડા રૂપિયા આપ્યાનું કોઈ લખાણ કરાવી આપેલ નહીં તથા આરોપીએ યુવકની અર્ટિગાના વેચાણના પણ રૂપિયા ૧,૫૦,૦૦૦ લઈ જઈ કુલ રૂપિયા ૬,૫૦,૦૦૦ લઈ ગયેલા હતા. યુવકે પોતાના રૂપિયા પરત મેળવવાની માંગણી કરતા આરોપીએ કહેલ કે રૂપિયા પરત નથી આપવા તારે થાય તે કરી લેજે તેમ કહી ગુન્હાહિત ધમકી આપી યુવક સાથે વિસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## બંધ મકાન રાખીને બહાર જવુ મુશ્કેલ બન્યુ

# વડિયાનાં તાલાળી ગામે બે રહેણાંક મકાનમાંથી સોનાના દાગીના અને રોકડ રકમની ચોરી

**કુલ રૂપિયા ૧.૩૩ લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી**

અમરેલી, તા. ૧

વડિયા તાલુકાના તાલાળી ગામે રહેતા રસિકભાઈ સમજુભાઈ તરવાડીયા નામના ૪૨ વર્ષિય હીરાઘસુ પોતાના સાસરીમાં મજુરી કામે ગયેલ હોય. ત્યારે પાછળથી તા. ૩૧ના રાત્રીના ૨ થી ૪ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે આ હીરાઘસુના બંધ મકાનની દીવાલ કુદી રૂમનું તાળુ તોડી રૂમમાં રહેલ લોખંડના કબાટમાં સાડીની વચ્ચે રાખેલ ઘરેણાના બોકસમાં રાખેલ સોનાનું ડોકયુ નંગ–૧ તથા સોનાની બુટી નંગ–૨ નો સેટ આશરે અઢી તોલાનું જેની કિંમત રૂપિયા ૮૧,૫૦૦ તથા સોનાની સર નંગ–૨ આશરે અડધા તોલાની કિંમત રૂપિયા ૧૫,૦૦૦ તથા કબાટની તિજોરીમાં બોકસમાં રાખેલ રોકડા રૂપિયા ૩૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૨૬,૫૦૦ની તથા તેમનાં પડોશીના ઘરે ડેલા તથા રૂમનું તાળુ તોડી ઘરમાં રહેલ લોખંડના કબાટમાં રાખેલ પિતળના ડબ્બામાં રહેલ સોનાના નાકમાં પહેરવાના દાણા નંગ–૨ કિંમત રૂપિયા ૨૦૦૦ તથા ચાંદીનો જુડો આશરે ૨૫૦ ગ્રામનો કિંમત રૂપિયા ૫૦૦૦ મળી કુલ કુલ રૂપિયા ૧,૩૩,૫૦૦ ના સોના–ચાંદીના દાગીના તથા રોકડા રૂપિયાની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## શહેર ભાજપ અગ્રણી શંભુભાઈ પાંચાણી રોષે ભરાયા

# બાબરા : ખેતીપાક સદંતર નિષ્ફળ નિવડયો હોય સર્વે અને સહાયના બહાના હેઠળ ખેડૂતોની મજાક બંધ કરો

**રાજય સરકાર સંવેદનશીલતા દાખવે તેવી માંગ**

બાબરા, તા. ૧

રાજયના છેલ્લા એક અઠવાડિયાથી કમોસમી વરસાદની હેલીના કારણે ખેડૂતોનો પાક નિષ્ફળ નીવડયો છે બાબરા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં અને રાજયમાં મગફળી, કપાસ, જુવાર, એરન્ડો, ડાંગર સોયાબિન જેવા મહત્ત્વના પાક પકવતા ખેડૂતો માટે આભ ફાટયું છે ત્યારે રાજય સરકાર દ્વારા ખેડૂતોની સર્વે સહાય જેવા શબ્દો ઉપયોગ કરી સમય વેડફી મજાક કરવામાં આવી રહ્યાં હોય તેવું લાગી રહ્યું છે હાલ ખેડૂતોના ખેતરમાં કશું બચ્ચું નથી ત્યારે પૂરતી સંવેદનશીલતા દાખવી તાકીદે ખેડૂતોને સહાય કરવામાં આવે તોજ ખેડૂત બેઠો થઈ શકે તેવી ઉગ્ર રોષ સાથે બાબરા નગરપાલિકા સભ્ય અને ભાજપના



વડીલ અગ્રણી શંભુભાઈ પાંચાણીએ જણાવ્યું હતું.

તેઓએ ઉગ્ર રોષ વ્યકત કરી વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતોની આકરી રાત દિવસની મહેનત અને મોંઘા બિયારણ ખાતર દવા અને મજૂરી ચૂકવી પાક પકવ્યો હતો જેવો પાક તૈયાર થયો તેવો માવઠાનો માર પડતા થોડીવાર બધું પૂરૂ થઈ ગયું અને ખેડૂતોને મોઢા પાસે આવેલ કોળિયો જતો રહ્યો વિઘે ૨૦ મણ કપાસ અને મગફળી પકવતા ખેડૂતોને મજાક બનાવવા આવી રહ્યા છે હાલ એ પરિસ્થિતિ સર્જાય છે કે ખેડૂતો પાસે કશું રહ્યું નથી બાર માસની જીવાય માવઠું તણી ગયું ખેડૂતો આર્થિક રીતે કંગાળ બન્યા છોકરાંઓની શાળાઓની ફી, દીકરી દીકરાના લગ્ન કેમ કરવા તેવી ચિંતામાં ખેડૂતો ગરકાવ થયા છે સર્વે સહાય કરવામાં ને બદલે ખેડૂતો ફરી બેઠા થાય પગભર થાય તે રીતે રાજય સરકાર સંવેદનશીલતા દાખવી પૂરતી મદદ કરવી જોઈએ તેવું અંતમાં જણાવ્યું હતું.

## જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીની આગેવાનીમાં

# અમરેલી જિલ્લામાં આવતીકાલથી કોંગ્રેસ દ્વારા ખેડૂત સત્યાગ્રહનો પ્રારંભ

**જિલ્લામાં કપાસ, મગફળી, સોયાબીન સહિતનો ખેતીપાક સંપૂર્ણ નાશ પામેલ હોય ખેડૂતોનાં દેવા માફ કરી સહાય કરવા માંગ**

**સોમવારથી શનિવાર સુધી દરરોજ ૨ તાલુકા મથકોએ કરાશે ખેડૂત સત્યાગ્રહ**

**વહીવટીતંત્ર મંજૂરી ન આપે તો પણ ખેડૂતોનાં હિતમાં જેલમાં જવાની તૈયારી સાથે કરાશે સત્યાગ્રહ**

**સંતો-મહંતો, ઉદ્યોગપતિઓ, સમાજ સેવીઓને સરકાર પર દબાણ વધારવા અનુરોધ કરતાં કોંગી પ્રમુખ**



અમરેલી, તા. ૧
અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેતીપાકો તબાહ થયા હોય ખેડૂતો આર્થિક રીતે પડી ભાંગ્યા હોય તે સમયે ખેડૂતોનાં પાક ધિરાણની તમામ રકમ માફ કરવાની માંગ સાથે ૩ નવેમ્બર સોમવારથી જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત અને કોંગી નેતા પરેશ ધાનાણીનાં નેતૃત્વમાં ૬ દિવસ સુધી જિલ્લાનાં તમામ તાલુકા મથકોએ ખેડૂત સત્યાગ્રહ અંતર્ગત મામલતદારને દેવા માફી કરવાની માંગ કરતું આવેદનપત્ર પાઠવવામાં આવશે.

આ અંગે આજે જિલ્લા કોંગ્રેસ સમિતિનાં કાર્યાલય ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં કોંગી નેતાઓએ આ આંદોલનને તમામ સમાજનાં આગેવાનો, સંતો, મહંતો, ઉદ્યોગપતિઓ, વેપારીઓએ સહકાર આપવા જગતનું પેટ ભરનાર આજે મુશ્કેલીમાં હોય ત્યારે સૌએ સામૂહિક પ્રયાસ કરીને ખેડૂતોના દેવા માફ કરવાનાં અભિયાનમાં જોડાવવા અનુરોધ કર્યો હતો.

આ તકે કોંગી નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, ખેડૂત સત્યાગ્રહ કરવાની મંજૂરી સક્ષમ અધિકારી સમક્ષ માંગવામાં આવી છે અને મંજૂરી આપવામાં ન આવે તો ખેડૂતોનાં હિતમાં જેલમાં જવાની તૈયારી સાથે પણ સત્યાગ્રહ કરવાની તૈયારી દર્શાવી હતી.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૬ ૫૨૧૦૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Bring Home Power, Style & Reliability WITH US
Hero DESTINI
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી રૂ. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી રૂ. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01

મિલકત તમારી, સુરક્ષા અમારી...
૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ...
રઘુવીર સિક્યુરીટી એજન્સી
જેન્ટસ સિક્યુરીટી
લેડીઝ સિક્યુરીટી
લેડીઝ-જેન્ટસ બાઉન્સર
તેમજ ગનમેન
અમારી સુવિધાઓ :
ઈવેન્ટ, લગ્ન પ્રસંગ, ફંકશન, ધાર્મિક કાર્યક્રમો, ભાગવત સપ્તાહ, સ્કુલ, હોસ્પિટલ, શો-રૂમ, હોટેલ, રીસોર્ટ, વોટરપાર્ક, ફેક્ટરી, V.I.P. બંગ્લોઝ, ૨૪ કલાક સિક્યુરીટી પ્રોવાઇડ કરી આપીશું.
ઓલ ગુજરાત સિક્યુરીટી પ્રોવાઇડ કરી આપીશું...
મો. ૯૪૨૬૩ ૧૩૦૪૧
૯૧૦૬૦ ૧૫૦૬૧

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
THANK YOU, GST!
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA
₹3500 કેશ ડિસ્કાઉન્ટ
Scooter bole toh ACTIVA
Parikh Honda
Opp. Railway Station Road, Station Road, Amreli-365 601

શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ. મસા. ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

# અમરેલી : બ્રહ્માકુમારીઝ દ્વારા બિલિયન મિનિટસ ઓફ પીસ પ્રોજેકટનો શુભારંભ



બ્રહ્માકુમારીઝ, ગુજરાત સેવાઓના હિરક જયંતિવર્ષ નિમિતે ૧૦૦ કરોડ મિનિટનું શાંતિદાન યોજનાની શરૂઆત તા ૨૪ ઓકટોમ્બરથી ૨૧ ડિસેમ્બર સુધી શરૂ થયેલ છે. જેના અંતર્ગત આજરોજ ૩૦ મીઓકટોમ્બર બ્રહ્માકુમારીઝસેવા કેન્દ્ર અમરેલી ખાતે આર્શઅધ્યન કેન્દ્ર અમરેલીના નિત્ય સુધાનંદ સ્વામીના અધ્યક્ષ સ્થાને દિપ પ્રજજવલન કરી આ પ્રોજેકટનો શુભારંભ કરેલ આ પ્રોજેકટનું લક્ષ્ય અને ઉદેશ બતાવતા આદરણીય ગીતાદીદીજીએ જણાવેલ કે વર્તમાનસમયે સાધન–સુવિધાઅનેસંપતિતોમનુષ્યપાસે ખૂબજ છે. પણ જરૂર છે. મનની શાંતિની જે ફકત મેડીટેશનથી જ મળી શકે છે. માટે શાંતિદાતા પરમાત્માએ પોતાના શાંતિદુત બાળકોને તૈયાર કર્યા છે. વિની આત્માઓને શાંતિનો સંદેશ આપવા માટે જેમ એકદિવાથી અનેકદિવા પ્રગટે છે. તેમ જો દરેક વ્યકિત દરરોજ કમસેકમ પાંચ મિનિટ એક સ્થાન પર બેસી શાંતિ માટે મેડીટેશન કે પ્રાર્થના કરે તો વિશ્વ શાંતિ જરૂર થાય, આપણે શાંતિનું દાન કરીશું તો વિને શાંતિ મળશે. નિત્ય સુધાનંદ સ્વામીએ જણાવેલ કે જેમ પાણીમાં પત્થરનો ફેકતા દુર દુર તરંગો ફેલાઈ છે. તેમ આપણે પણ સતત શાંતિના વિચારો અને સતકર્મો કરતા રહીએ તો વિમાં એ તરંગો જરૂર ફેલાઈ. ડી.વાય.એસ.પી. અશોકસિંહ ગોહિલે જણાવેલ કે રોજ સવારમા પેપર ખોલતા જ ટેન્શન, ડીપ્રેશન, હત્યાના જ નેગેટીવ સમાચારો મળે છે. માટે જો દરેક ઘરમાં શાંતિનો દિપક પ્રગટે તો આવા કેસ ઘણાં ઘટી જાય ડો. હરેશ વઘાસીયાએ જણાવેલ કે મોટા ભાગની શારીરિક બિમારીઓનું મુળ કારણ માનસિક અશાંતિ છે. માટે જો મેડીટેશન ધ્વારા મનને શાંત કરવામાં આવે તો બિમારીઓમાં પણ ઘણી રાહત મળી શકે છે. આ પ્રસંગે ડી.વાય.એસ.પી. અશોકસિંહ ગોહિલ, બી.કે. ડો. હરેશભાઈ વઘાસિયા, બી. કે. ડો. એસ.આર. દવે, બી.કે. વિનુભાઈ પોશીયા, બી.કે. આઈ.પી. બારડ, ડો. ભીંગરાડીયા, બ્ર.કુ. ગીતાબહેન તથા બ્ર.કુ. કિંજલબહેને દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરેલ. આ પ્રોજેકટ દરમ્યાન ૧૦૦ કરોડ શાંતિદાનની મિનિય એકત્ર કરવાના લક્ષ્ય માટે વિભિન્ન શૈક્ષણિક/સામાજિક/યુવા/મહિલા સંસ્થાઓ. સીનીયર સિટીઝન ગ્રુપ સરકારી કાર્યાલયો, કોપોરેટ, કંપનીઓ, ઈન્ડસ્ટીઝ અને તમામ નાગરીકોને સહભાગી બનાવવામાં આવશે. આપ સૌ ભાઈ બહેનો પણ બિલિયન મિનિટ ઓફ પીસ અપીલના પ્રોજેકટમાં આપનું યોગદાન કરી શકો છો. માટે આપ આપની મેડીટેશન/પ્રાર્થનાની મિનિટ આપના નજીકના બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર પર નોંધાવી. ઈરીય સેવામાં સહયોગી થઈ શકો છો. કાર્યક્રમના અંતમાં આભાર વિધિ બ્ર.કુ. કિંજલબેને કરી હતી. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરા, ખાંભા, રાજુલામાં આવેદનપત્ર

નુકસાનને સહાય આપવા માંગણી સાથે મામલતદારને ખેડૂતોએ આવેદનપત્ર પાઠવ્યું. બગસરા તાલુકામાં ક મોસમી વરસાદ માવઠું થતા બગસરા તાલુકાના ખેડૂતોમાં ઉગ્ર રોષ સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં બગસરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા સાત દિવસથી વરસાદ સતત વરસી રહ્યો છે ત્યારે ખેડૂતોના પાકોને ૮૦ ટકા જેવું નુકસાન થયેલ છે. સરકારની સ્પષ્ટ ગાઈડલાઈન છે કે ૧૫ ઓકટોબરથી ૧૫ નવેમ્બર વચ્ચે ૫૦ મીમીથી વધુ વરસાદ પડે તો માની લેવામાં આવે છે કે તમામ ખેડૂતોને તમામ પાકો માવઠાથી નુકસાન ગ્રસ્ત છે એવું માની લેવામાં આવે. આવી સ્પષ્ટ ગાઈડ લાઈન હોવા છતાં હાલમાં રાહત પેકેજ ૨૦૨૫ માટે થયેલ સર્વેના ઓર્ડર જે સદંતરે ગેર વ્યાજબી છે અને ખેડૂતોને અન્યાય કરવા જેવી બાબત છે. આ સર્વેથી અમારા વિસ્તારના મોટાભાગના ખેડૂતો, પશુપાલકો, ખેત મજૂરો, ભાગ્યા તથા અન્ય ખેતી આધારિત તમામને અન્યાય થવાની ખુબ મોટી સંભાવના છે. આ જગતના તાતને અન્યાય કરવો એ કોઈપણ પ્રકારે યોગ્ય નથી. વધુ પડેલ વરસાદથી ખેતરોમાં સર્વે માટે જવું પણ ખૂબ જ અઘરૂં છે જેથી આ બગસરા તાલુકાના ખેડૂતોને નુકસાન ગ્રસ્ત જાહેર કરી સહાય પેકેજમાં ખેડૂતોનો સમાવેશ કરવા અને વળતર આપવા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર ગાંધીનગર મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને આવેદન મારફત રજૂઆત કરેલ.

**ખાંભા**

ખાંભા તાલુકામાં સતત ૬ થી ૭ દિવસ કમોસમી વરસાદથી ખેડૂતોનો તમામ પાક નિષ્ફળ ગયો છે. ત્યારે ખાંભા ભારતીય કિસાન સંઘ સાથે મોટી સંખ્યામાં ખેડૂતો દ્વારા પાક નુકસાનીને લઈ ખાંભા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું અને ખેડૂતોના પાક નુકસાનીની ઓનલાઈન સર્વે બંધ કરી અને ખેડૂતોના ખાતામાં સીધી સહાય આપવા માંગ કરી હતી.

ખાંભા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદથી ખેડૂતોનો પાક સંપૂર્ણ નાશ પામ્યો છે અને કપાસ, મગફળી સહિત પાક ઉગી જતા મોટી નુકસાની થઈ છે. ત્યારે મોટી સંખ્યામાં ખાંભા તાલુકાના ખેડૂતો સાથે કિસાન સંઘ રેલી સ્વરૂપે મામલતદાર કચેરી પહોંચ્યા હતા અને સરકાર દ્વારા જે ઓનલાઈન સર્વે કરવામાં આવી રહ્યો છે તેનો વિરોધ કરીએ છીએ અને આ ઓનલાઈન સર્વે બંધ કરી સરકાર દ્વારા સીધું જ પેકેજ જાહેર કરી અને ખેડૂતોના ખાતામાં સહાય નાખવા રજૂઆત કરી હતી અથવા ખેડૂતોનું દેવું માફ કરવામાં આવે તેવી માંગ ને લઈ આવેદનપત્ર પાઠવ્યું હતું. અમરેલી જિલ્લાના ખાંભા અને ગીરના ગામડાઓમાં કમોસમી વરસાદથી ખેડૂતોનો પાક બરબાદ થયો છે. ત્યારે મોટી સંખ્યામાં ખેડૂતો અને કિસાન સંઘ આગેવાનો મામલતદાર ઓફિસ ખાતે ખેડૂતોનો પાક સંપૂર્ણ નાશ થતા ખેડૂતોએ રડીને રોષ વ્યકત કર્યો હતો અને સર્વેની કામગીરી બંધ કરી અને ખેડૂતોના ખાતામાં સીધી સહાય આપવા માંગ કરી હતી.

**રાજુલા**

રાજુલા–જાફરાબાદમાં સતત ભારે વરસાદથી ખેડૂતોને નુકસાની થવા પામેલ છે. ત્યારે આજે રાજુલા શહેરમાં ભારતીય કિસાન દ્વારા આજે ખેડૂતોને સાથે રાખીને રાજુલાના ડેપ્યુટી કલેકટરને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું. પ્રથમ ખેડૂતો રાજુલા માર્કેટિંગ યાર્ડમાં એકત્રિત થયેલા અને ત્યારબાદ રેલી સ્વરૂપે રાજુલા પ્રાંત કચેરીએ પહોંચેલા જયાં સૂત્રોચાર સાથે પોતાનો વિરોધ દર્શાવેલો અને આ વિરોધમાં તારીખ ૨૫/૧૦/૨૦૨૫ થી ધોધમાર વરસાદ શરૂ થયેલો ખેડૂતોના તૈયાર થયેલા પાક ખેતરમાં પડયા છે તે સદંતર નિષ્ફળ ગયેલ છે અને આ આ ભારે વરસાદમાં ખેડૂતોનો પાક તણાઈ પણ ગયેલો છે. ત્યારે આ પંથકના ખેડૂતને પાક ધિરાણ માફ કરવા બાબતે આજે આવેદનપત્ર આપવામાં આવ્યું. આ આવેદન પત્રમાં સાથે જણાવવામાં આવેલું કે સરકાર દ્વારા જે ડિજિટલ સર્વે કરવાનો હુકમ કરવામાં આવેલ છે તે ડિજિટલ સર્વે કરવું નહીં અને ખેડૂતોને પૂરેપૂરી માફી આપવી તેવી ભારતીય કિસાન સંઘની આ આવેદનપત્રમાં માંગણી ઉઠવા પામેલ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** દામનગર નિવાસી વિશાલભાઈ ઉત્તમલાલ જોષી (જિલ્લા બાળ સુરક્ષા અધિકારી–અમરેલી)ના પુત્ર નિર્વિક (ઉં.વ. ૪) જે સ્વ. ઉત્તમલાલ માણેકલાલ જોષીના પૌત્રનું તા. ૩૧ ને શુક્રવારના રોજ કૈલાશવાસ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૩ ને સોમવારના રોજ સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી લોહાણા જ્ઞાતિની વાડી, છભાડીયા રોડ દામનગર મુકામે રાખેલ છે.

### મતદારયાદી ખાસ સઘન સુધારણા અંતર્ગત

## અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને સોશ્યલ મીડિયા અને મીડિયા કમિટીની બેઠક યોજાઈ

**વાસ્તવિકતાની ખરાઈ કર્યા વિના પ્રસિદ્ધ થયેલા સમાચાર પર સઘન મોનિટરીંગની સૂચના અપાઈ**

અમરેલી, તા. ૧

ભારતના ચૂંટણીપંચ, નવી દિલ્હીના તા. ૨૭/૧૦/૨૦૨૫ના પત્રથી તા. ૧/૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ–૨૦૨૬ જાહેર કરવામાં આવ્યો છે. જે તા. ૨૮/૧૦/૨૫થી શરૂ થઈ તા. ૭/૨/૨૦૨૬ સુધી જાહેર થયેલ છે.

મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ–૨૦૨૬ કામગીરી સંદર્ભે આજરોજ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એ.આર. ઉકાણીના અધ્યક્ષસ્થાને સોશિયલ મીડિયા અને મીડિયા કમિટીની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં અમરેલી જિલ્લામાંથી પ્રસિદ્ધ થતા સમાચાર પત્રો, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સહિત વિવિધ પ્રચાર પ્રસારના માધ્યમો પર અફવા અને સંપૂર્ણ વાસ્તવિકતાની ખરાઈ કર્યા વિના પ્રસિદ્ધ થયેલા સમાચારો પર સઘન મોનીટરીંગ કરવાની કામગીરી સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનને લઈને દૈનિક રીપોર્ટ સહિતની કામગીરી નિયમિત રીતે ચોક્કસાઈ પૂર્વક થાય તેના પર ભાર મૂકીને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીએ કમિટીના સર્વ સભ્યઓને જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડયું હતું અને ઉપયોગી સૂચનાઓ આપી હતી.

ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લાના તમામ મતદાન મથકોમાં સમાવિષ્ટ તમામ મતદારોની ખરાઈ તા. ૪/૧૧/૨૦૨૫થી બુથ લેવલ ઓફિસર દ્વાર શરૂ થનાર છે. સને–૨૦૦૨ની મતદારયાદીનાં સંદર્ભમાં થનાર આ કાર્યક્રમમાં મતદારો (https://voters.eci.gov.in) પરથી અગાઉના સઘન સુધારણા કાર્યક્રમ–૨૦૦૨માં પોતાનું નામ ચકાસી શકશે. બુથ લેવલ અધિકારી દ્વારા તમામ મતદારોનાં ઘેર જઈને Enumeration આપશે તથા ફોર્મ ભરવા જરૂરી માર્ગદર્શન આપશે. આ અંગે જિલ્લા કક્ષાએ ૧૯૫૦ હેલ્પલાઈન



નંબર કાર્યરત છે.

આ બેઠકમાં સોશ્યિલ મીડિયા અને મીડિયા કમિટીની બેઠકમાં નોડલ અધિકારી અને નાયબ માહિતી નિયામક (ઈ.ચા) પ્રિયંકા પરમાર, પ્રિન્ટ મીડિયા કમિટી સભ્યઓ, સોશ્યિલ મીડિયા કમિટી સભ્ય આકાશભાઈ પંડયા, ઈલેકટ્રીક મીડિયા કમિટીના સભ્યો, ટેક્નિકલ ટીમ સભ્ય રવિ ગુપ્તા, રિપોર્ટ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં વિનામુલ્યે અનાજ

આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

આવેદનપત્રમાં વધુમાં જણાવ્યું હતુ કે, વ્યાજબી ભાવના દુકાનદારોની પડતર માંગણીઓનું નિરાકરણ ન આવતાં આજ તા.૧ નવેમ્બરથી વિતરણથી અળગા રહેવા બાબતની જાણ કરવામાં આવી હતી. અત્રે એ ઉલ્લેખનિય છે કે, સસ્તા અનાજના વેપારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ગરીબ કાર્ડધારકોને નવેમ્બર મહિનાનું મળવું મુશ્કેલ બની જશે.

પાના ૧ ઉપરનું ચાલું

## જાફરાબાદનાં ધોળાદ્રી ગામની નદીમાં

દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની છે. ઘટના બાદ ગામમાં ચકચાર મચી ગઈ હતી અને તાત્કાલિક સ્થાનિક તંત્ર સાથે એન.ડી.આર.એફ.ની ટીમ સ્થળ પર પહોંચી બચાવ કામગીરી શરૂ કરી છે.

માહિતી મુજબ, ધોળાદ્રી ગામની નદીમાં પાણીનો પ્રવાહ અતિશય વધતાં આજુબાજુના વિસ્તારોમાં લોકોને નદીની નજીક ન જવાની ચેતવણી આપવામાં આવી હતી. છતાંય એક આધેડ વ્યકિત કોઈ કારણસર નદીની નજીક ગયો હતો અને અચાનક પૂર જેવી સ્થિતિ સર્જાતાં તે તણાઈ ગયો. ગ્રામજનો દ્વારા તરત જ ઘટના અંગે માહિતી જાફરાબાદ મામલતદાર કચેરી અને પોલીસને આપવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ મામલતદાર, પોલીસ સ્ટાફ તેમજ એન.ડી.આર.એફ.ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ નદીમાં જોરદાર પ્રવાહ હોવાને કારણે શોધખોળ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે, પરંતુ બચાવકર્મીઓ સતત પ્રયત્નો કરી રહ્યા છે. સ્થાનિક લોકો પણ બચાવ કામગીરીમાં મદદરૂપ બની રહ્યા છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોમાં કમોસમી ભારે વરસાદને કારણે અનેક નદીઓમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ખેતરોમાં પાણી ભરાઈ જતા ખેડૂતોને ભારે નુકસાન થયું છે. હવે માનવી જાનહાનિની ઘટના સાથે ચિંતા વધી ગઈ છે. તંત્રએ લોકોને ચેતવણી આપી છે કે આગામી કલાકોમાં નદીઓ અને ખાલા–ખાડાઓની નજીક ન જવું અને સાવચેતી રાખવી જરૂરી છે.

### જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતની માંગ

## લીલીયા મોટા પંથકમાં ખેડૂતો અને શ્રમિકોને ખેતીપાકોમાં થયેલ નુકસાનીનું વળતર ચુકવો

**રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો**

લીલીયા, તા. ૧

જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલ દુધાતે પત્રમાં જણાવેલ છે કે. લીલીયા તાલુકાના તમામ ગામોમાં ખુબજ વધારે પ્રમાણમાં કમોસમી વરસાદ પડેલ. જેનાથી ખેડૂતોના તમામ મહામુલા પાકો સંપુર્ણપણે નાશ પામેલ છે. જેથી જગતના તાત ખેડૂતની પરિસ્થિતિ ખુબજ કપરી છે અને ખેડૂતોની જમીન મજુરી કામ કરી ભાગવી રાખતા મજુરોની પરિસ્થિતિ પણ ખુબજ વિકટ છે અને ખેડૂતોએ




પોતાની પાસે રહેલ મુડી ખેતીમાં ખર્ચ કરેલ છે તેમજ ખેત મજુરોએ મહેનત કરેલ છે પણ હાલમાં ખેડૂતો અને ખેત મજુરોએ ભવિધષ્યમાં બાળકો અને પોતાના સામાજીક રીત રીવાજો અને રૂઢીગત પ્રસંગ્રોનું આયોજન પણ કરેલ હોય છે પરંતુ પાક નિષ્ફળ જવાથી તમામ આયોજનોનું સ્વપ્ન રોળાય જશે. જેથી ખેડૂતો માટે તથા ખેત મજુરો માટે અલગ–અલગ સામુહિક સહાય પેકેજ જાહેર કરવા અંતમાં માંગ કરેલ છે.

### ખેતીપાકો કમોસમી વરસાદથી તબાહ થયા હોય ત્યારે

## આશાનુ કિરણ : સાવરકુંડલા અને ચલાલા પંથકમાં સૂર્યનારાયણે દર્શન દીધા

**ઘટાટોપ વાદળોનો ડરામણો માહોલ દુર થયો**



ચલાલા, તા. ૧

સાવરકુંડલા અને ચલાલા શહેર અને આજુબાજુના વિસ્તારના ગામડાઓમાં છેલ્લા સાત દિવસથી સતત હળવા ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત બન્યું હતું. ભારે વરસાદના કારણે ખેતીના પાકમાં ન કલ્પી શકાય તેવું ભારે નુકસાન ખેડૂતોને વેઠવુ પડયું છે. ખેડુતો રાતે પાણીએ રોય રહ્યા છે. ભારે વરસાદના કારણે વેપાર ધંધા તેમજ મજૂરી કામમાં ભારે માઠી અસર જોવા મળી છે. ખેતરોના ખેતરો પાણીથી જળબંબાકાર બની ગયા છે. ત્યારબાદ આ પંથકમાં સૂરજદાદાએ દર્શન દીધા છે અને આકરી તડકી દેખાણી છે. સાત સાત દિવસે સુરજ દાદાએ દર્શન દેતા આમ જનતાના મોઢા પર હરખનું સ્મિત જોવા મળ્યું છે. અને લોકો ભગવાનને ખમૈયા કરવાની પ્રાર્થના કરી રહ્યા છે. છેલ્લા સાત દિવસથી ભારે વરસાદના કારણે ચલાલા શહેરમાં રોડ રસ્તા ભંગાર બની ગયા છે. રોડ રસ્તાનું સમારકામ વહેલી તકે થાય તેવું આમ જનતા કહી રહી છે. સાત દિવસબાદ સુરજ દાદાના દર્શન દેતા ફરીથી જનજીવન રાબેતા મુજબ થવાની સંભાવના દેખાઈ રહી છે. આકાશમા વદળા વીખરાતા જોવા મળ્યા છે. સાવરકુંડલા ચલાલા સહિત ગોપાલગ્રામ, દહીડા, માણાવાવ, ઢોલરવા, હુડલી, મોરજર, સતડીયા રામપરા, નવા ચરખા, જુના ચરખા, કેનાલપરા, કથીરવદર, પાણીયા, કમી, કેરાળા, ઈંગોરાળા, નાના સમઢીયાળા, ધારગણી, ખંભાળિયા વાવડી, સંરભંડા, હાલરીયા, ઉલરીયા, પરબડી સહિતના ગામડાઓમાં ખેતી પાકમાં ભારે નુકસાન જતા ખેડૂતો ભાંગી ગયા છે. વહેલી તકે સરકાર સહાય આપી અને ખેડૂતોને સારી રીતે મદદરૂપ બને એવી ખેડૂતો કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

# સાવરકુંડલાનાં જીરા ગામનાં ભામાશાએ ૩૦૦ ખેડૂતોને દેવામાંથી મુકત કર્યા



ગુજરાતના ખેડૂતોની હાલત દિવસેને દિવસે દયનીય બની રહી છે ત્યારે સાવરકુંડલા તાલુકાના જીરા ગામમાં એક અનોખી અને પ્રેરણારૂપ ઘટના સામે આવી છે. છેલ્લા ૩૦ વર્ષથી ફડચામાં ગયેલી સેવા સહકારી મંડળીના કારણે ખેડૂતો પાક ધીરાણ વિના પીસાઈ રહ્યા હતા, ત્યારે વતનના સંતાન તરીકે સુરતના ઉદ્યોગપતિ બાબુભાઈ ચોડવડીયા ઉર્ફે બાબુભાઈ જીરાવાળાએ આગળ આવીને આશીર્વાદરૂપ સેવા આપી છે. ૧૯૯૫માં જીરા ગામની સેવા સહકારી મંડળી ફડચામાં જતાં ગામના આશરે ૧૪૦૦ જેટલા ખાતેદારોમાંના ૩૦૦ જેટલા ખેડૂતોના નામે બોજો ચડયો હતો. પરિણામે છેલ્લા ૩૦ વર્ષથી ખેડૂતોને કોઈ પણ બેંક કે મંડળી પાસેથી પાક ધીરાણ મળતું નહોતું. ખેડૂતોએ પોતાની ૭/૧૨ ઉતારામાં બોજાનો ઉલ્લેખ જોઈને આર્થિક અને માનસિક તણાવ સહન કર્યો હતો. આ સ્થિતિમાં સુરત સ્થાયી પણ જીરા ગામના વતની બાબુભાઈ જીરાવાળાએ પોતાના વતનના ખેડૂતોની વ્હારે આવીને સેવા સહકારી મંડળીનું ૮૯ લાખ જેટલું દેવું પોતાની જાતે ચૂકવી દીધું. પરિણામે ગામના ૩૦૦ જેટલા ખેડૂતોને "નો–ડ્યુ સર્ટિફિકેટ" એનાયત કરવામાં આવ્યા અને તેઓ ૩૦ વર્ષ જૂના દેવામાંથી મુકત બન્યા. જીરા ગામમાં યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં અમરેલીના સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં ખેડૂતોને નો–ડ્યુ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા. આ પ્રસંગે ખેડૂતોની આંખોમાં આનંદના આંસુ અને હૃદયમાં કૃતજ્ઞતા છલકાઈ હતી. ગામના સરપંચ દક્ષાબેન ચોડવડીયાએ જણાવ્યું કે "બાબુભાઈએ જે કર્યું તે માત્ર આર્થિક સહાય નહીં પરંતુ ૩૦ વર્ષની પીડાથી મુકિત છે." સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ જણાવ્યું કે, "જીરા ગામના આ પ્રસંગે ગુજરાત માટે ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. જો સુરત જેવા શહેરોમાં વસતા અન્ય સખીદાતા પોતાના વતન માટે આવી પહેલ કરે તો ઘણા ખેડૂતો દેવામાંથી મુકત થઈ શકે." બાબુભાઈ જીરાવાળાએ જણાવ્યું કે તેમની માતાની અંતિમ ઈચ્છા હતી કે તેમના દાગીના અને બેલેન્સનો ઉપયોગ એવા કાર્યમાં થવો જોઈએ કે જેનાથી આત્માને શાંતિ મળે. આ ઈચ્છાને પૂરી કરવા માટે તેમણે ખેડૂતોના દેવા ચૂકવ્યા અને માતૃશ્રીની પુણ્યતિથિએ આ સેવા કાર્યને સમર્પિત કર્યું. તેમણે ઉમેર્યુ કે હજુ પણ ૧૪ જેટલી સેવા સહકારી મંડળીઓ ફડચામાં છે, અને જો અન્ય વતનપ્રેમી ઉદ્યોગપતિઓ આગળ આવે તો અનેક ખેડૂતો બોજામુકત થઈ શકે. જીરા ગામનો આ પ્રસંગ માત્ર એક દાનની ઘટના નથી, પણ તે માનવતાનું પ્રતીક છે જયાં એક સંતાન પોતાના વતનના ખેડૂતો માટે ભગવાન સમાન બની ઊભું રહ્યું છે. બાબુભાઈ જીરાવાળાનું આ કાર્ય સમગ્ર સૌરાષ્ટ્ર માટે પ્રેરણારૂપ બની ગયું છે.

## કમોસમી વરસાદથી ખેતીપાકોને નુકસાન થયુ હોય ખેડુતોની મદદ કરવા

# મુખ્યમંત્રી દ્વારા અધિકારીઓને તાત્કાલિક સર્વેનો નિર્દેશ

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ**


**બે દાયકા થી વધુ સમયમાં જોવા ન મળી હોય તેવી ગંભીર પરિસ્થિતિ હોય ખેડુતોના હિતમાં નિર્ણય કરવો જરૂરી**

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિમંત્રી વાઘાણીએ સંબધિત જિલ્લાનાં નુકસાનની વિગતવાર માહિતી રજુ કરી**

**નુકસાનીનો સર્વે ઝડપથી પુર્ણ કરી ખેડુતોને શક્ય તેટલી ઉદારતમ મદદ પુરી પાડવાનાં નિર્દેશો આપ્યા**

ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં તાજેતરમાં થયેલા અસાધારણ કમોસમી વરસાદ અને વાતાવરણના પલટાને કારણે ખેતીના પાકોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. રાજ્યના ધરતીપુત્રો પર આવેલી આ આફતના સમયે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યંત સંવેદનશીલતા દર્શાવીને તેમની પડખે ઊભા રહેવાનો સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. છેલ્લા બે દાયકાઓથી વધુના સમયમાં જોવા ન મળ્યો હોય તેવો આ કમોસમી વરસાદ



હોવાથી, રાજ્ય સરકારે સંપૂર્ણ કિસાન



હિત લક્ષી અભિગમ અપનાવવાની નેમ



વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની સરકારે ખેડૂતોને ઉદારતમ મદદ પૂરી પાડવા માટે નુકસાનનો ત્વરાએ સર્વે અને સમીક્ષા કરવા માટે પ્રતિબદ્ધતા જાહેર કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે આ સંદર્ભમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાં ખેતીના પાકોને થયેલા નુકસાનના સર્વે સહિતની બાબતોને પ્રાથમિકતા આપવાનો હતો.

આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને સંબંધિત જિલ્લાઓના નુકસાનની વિગતવાર માહિતી રજૂ કરી હતી. આ સિવાય, વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ જેમ કે મુખ્ય સચિવ એમ.કે. દાસ, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ મતી અંજુ શર્મા, મહેસૂલ વિભાગના મુખ્ય સચિવ ડૉ. જયંતી રવી, નાણાં વિભાગના અગ્રસચિવ ટી. નટરાજન, તથા મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ મતી અવંતિકા સિંઘ અને સચિવ ડૉ. વિક્રાંત પાંડે પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

અસાધારણ સંજોગોમાં થયેલા આ કમોસમી વરસાદથી ખેડૂતોના ઉભા પાકને જે વ્યાપક નુકસાન થયું છે, તેને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ અધિકારીઓને નુકસાનનો સર્વે ઝડપથી પૂર્ણ કરવાના અને ખેડૂતોને શક્ય તેટલી ઉદારતમ મદદ પૂરી પાડવાના સ્પષ્ટ નિર્દેશો આપ્યા છે. રાજ્ય સરકારે છેલ્લા ૨૦ વર્ષોમાં આવો કમોસમી વરસાદ ન થયો હોવાની વાત સ્વીકારીને, આ વર્ષના નુકસાનને ગંભીરતાથી લીધું છે. આ બેઠક દ્વારા સરકારે ખેડૂતોને ખાતરી આપી છે કે સરકાર આ આપદાના સમયે તેમની સાથે છે અને સહાયતા માટેના તમામ કિસાનહિત લક્ષી પગલાં તાત્કાલિક લેવામાં આવશે. સમગ્ર વહીવટી તંત્રને સંવેદનશીલતા સાથે આ દિશામાં કાર્યરત થવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

---

**રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા**

## ધરતીપુત્રને ઝડપથી મદદ કરવાનાં નિર્ણયનો આવકાર : હિરેન હિરપરા

**પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા આવકાર**


અમરેલી, તા. ૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં રાજયમાં થયેલા કમોસમી વરસાદ અને વાતાવરણમાં આવેલા પલટાને કારણે ખેતી પાકોને થયેલા નુકશાન અંગે ધરતીપુત્રોની આપદાના આ સમયે તેમની પડખે ઉભા રહેવાના દિશાનિર્દેશો આપ્યા છે.

રાજયમાં આ વર્ષે અસાધારણ સંજોગોમાં આ કમોસમી વરસાદ થયો છે. તેના પરિણામે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થયુ છે. ત્યારે રાજય સરકાર સંપૂર્ણ કિસાન હિત લક્ષી અભિગમથી ખેડૂતોની સહાયતા માટેની નેમ રાખે છે.

એટલું જ નહિં, રાજયમાં પાછલા બે દાયકાઓથી વધુના સમયમાં આવો કમોસમી વરસાદ થયો નથી. તેવા સંજોગોમાં આ વર્ષના આવા વરસાદથી ખેડૂતોને જે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. તેની ત્વરાએ સમીક્ષા કરીને ધરતીપુત્રોને ઉદારતમ મદદ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજય સરકાર સંપુર્ણ પ્રતિબધ્ધ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અસાધારણ સંજોગોમાં પડેલ કમોસમી વરસાદ તેમજ તેની વ્યાપકતા જોઈ આવા સંજોગો જવલ્લેજ ઉભા થતા હોય,ખાસ સંવેદનાથી રાજયના ખેડૂતોના હિતમાં પાકને થયેલા નુકશાન અંગે અસરગ્રસ્ત વિસ્તારોમાં પચંકામ કરી, જરૂરી કાર્યવાહી કરી, કોઈ



ખેડૂતને અડચણ ન થાય તે રીતે ૩ દિવસમાં કામકાજ પુરૂ થાય અને તેનો અહેવાલ રાજય સરકારને તુરંતજ મોકલવામાં આવે, તે માટે ચીફ સેક્રેટરી, એ.સી.એસ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગને સુચના આપી હતી. જીલ્લા કલેકટર અને જીલ્લા વિકાસ અધિકારી,જીલ્લા ખેતીવાડી અધિકારીને તુરંતમાં જાણ કરવા આદેશો આપ્યા હતા.

જેથી ખેડૂતોને થયેલા નુકશાન અંગે સહયોગ કરવામાં મદદરૂપ બની શકાય. મુખ્યમંત્રીએ આ અસાધારણ સંજોગો અને રાજયના ખેડૂતોના પાકને થયેલા નુકસાન અંગે અસરગ્રસ્ત વિસ્તારોમાં પંચકામ કરીને ઝડપથી ત્રણ દિવસમાં સમીક્ષા થાય તથા તેનો અહેવાલ રાજય સરકારને તુરંત જ મોકલવામાં આવે તે માટેની સૂચનાઓ જિલ્લા કલેકટરઓ અને જિલ્લા વિકાસ અધિકારીઓને આપી હતી.

તેમણે કહ્યું કે, આ વિગતો



જેટલી ઝડપથી મળી શકે તેટલી ઝડપથી સરકારને પહોંચાડીને ખેડૂતોને થયેલા નુકસાન સામે રાજય સરકાર સહાયરૂપ થશે તેવો આપણો ધ્યેય છે. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં આ સંદર્ભમાં ઉચ્ચસ્તરિય બેઠક યોજીને રાજયના જુદા- જુદા જિલ્લાઓમાં ખેતી પાકોને થયેલા નુકશાનની સમીક્ષા સહિતની બાબતોને પ્રાથમિકતા આપવા આ બેઠકમાં જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી આ બેઠકમાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને સંબંધિત જિલ્લાઓના નુકસાનની વિગતો પુરી પાડી હતી. આ નિર્ણયને ગુજરાત ભાજપ કિસાન મોરચાના ના પ્રદેશ પ્રમુખ હિતેશભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી હિરેન હિરપરા અને સરદારભાઈ ચૌધરી એ આવકારી રાજય સરકારનો ખેડૂતો વતી આભાર માન્યો છે.

---

**ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલને**

## દામનગર સેવા સહકારી મંડળી દ્વારા રૂપિયા ૨૫ હજારનુ અનુદાન

**મંડળીનાં ચેરમેન દ્વારા ચેક એનાયત**



ટીંબી, તા.૧

દામનગર સેવા સહકારી મંડળી લિમીટેડનાં ૭૫ વર્ષ પુર્ણ થતા ''અમૃત મહોત્સવ ઉજવણી'' પ્રસંગે હોસ્પિટલનાં દર્દીનારાયણની સારવાર અર્થે સહભાગી થવાનાં શુભાશયથી રૂપિયા પચ્ચીસ હજારનો ચેક ઈફકોના ચેરમેન અને અમરેલી જિલ્લા બેંકના ચેરમેન દિલીપ સંઘાણી અને દામનગર મંડળીના પ્રમુખ હરજીભાઈ નારોલાના હસ્તે હોસ્પિટલનાં ઉપપ્રમુખ બી.એલ. રાજપરાને અર્પણ કરેલ છે.

આ પ્રસંગે અમરેલીનાં પૂર્વ સાસંદ નારણભાઈ કાછડીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જીલ્લા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, જીલ્લા સંઘના પ્રમુખ મનીષભાઈ સંઘાણી તથા નિવૃત આઈ.પી.એસ. અધિકારી હરીકૃષ્ણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

---

**''પ્રાકૃતિક કૃષિ ચોપાલ'' કાર્યક્રમમાં**

## અમરેલીના ખેડૂતોએ માર્ગદર્શન મેળવ્યું

**પ્રાકૃતિક ખેતી કરતાં સફળ ખેડૂતોએ ભાગ લીધો**





અમરેલી, તા.૧

તારીખ ૨૯/૧૦/૨૦૨૫, બુધવારના રોજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી અને દૂરદર્શન કિસાન ટીમ દ્વારા ''કૃષિ ચૌપાલ'' કાર્યક્રમનું ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, GNFSU, અમરેલી હેઠળ દત્તક લીધેલ ગામોના પ્રાકૃતિક ખેતી કરતાં ૩૧ જેટલા સફળ ખેડૂતોને આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડો. સી. કે. ટીંબડીયાના હસ્તે થયું હતું. તેમણે જણાવ્યું હતું કે ''પ્રાકૃતિક ખેતી એ આપણા પરંપરાગત જ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે જોડતી એક સુસ્થિર ખેતી પદ્ધતિ છે, જે જમીન, પાણી અને માનવ આરોગ્યને સંતુલિત રાખે છે.'' આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટેનો છે.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો ડો. પ્રભુ નાયકા, કુલસચિવ અને આચાર્ય, GNFSU, હાલોલ, ડો. ગોપાલ વાળોદરિયા, સંશોધન નિયામક, GNFSU, હાલોલઃ ડો. રશ્મિકાન્ત ગુર્જર, વિસ્તરણ શિક્ષણ નિયામક, GNFSU, હાલોલ : ડો. સ્વપ્નિલ દેશમુખ, આચાર્ય કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી ડો. રઘુનંદન બી. એલ., સહ પ્રાધ્યાપક, GNFSU, હાલોલઃ ડો. અલ્પેશ ભીમાણી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, GNFSU, હાલોલ; કુ.રવિના અમીપરા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, GNFSU, હાલોલ ડો. ધારા પ્રજાપતિ, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા પ્રાકૃતિક ખેતીનું મહત્વ, પ્રાકૃતિક ખેતીમાં મિશ્રપાકનું મહત્વ અને તેના ફાયદા, સૂક્ષ્મજીવાણુઓનું પ્રાકૃતિક ખેતીમાં મહત્વ, આચ્છાદન કરવાના ફાયદા, જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, સપ્તધાન્યાકુર, નિમાસ્ત્ર, અગ્નિ અસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, સુંઠાસ્ત્ર બનાવવાની પદ્ધતિ અને તેના ઉપયોગ વિષે વિગતવાર વૈજ્ઞાનિક ઢબે ખેડૂતોને માહિતી આપવામાં આવી.

આ ઉપરાંત, ખેડૂતોના પ્રાકૃતિક ખેતીને લગતા પ્રશ્નો નિરાકરણ કરવામાં આવ્યું તેમ આચાર્ય કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીની એક યાદીમાં જણાવ્યું છે.

---

**પેસેન્જર એસોસીએશન અને ચેમ્બરે આવેદનપત્ર પાઠવ્યુ**

## બગસરામાં એસ.ટી. વિભાગ દ્વારા અવાર-નવાર રૂટ બંધ કરાતા નારાજગી

**૨ દિવસમાં કોઈ સુધારો ન થાય તો આંદોલન**



બગસરા, તા. ૧

બગસરા પેસેન્જર એસોસિએશન અને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એસટી વિભાગના ડેપો મેનેજર તેમજ મામલદારને આવેદનપત્ર આપી હાલમાં ૧૮ થી વધુ રૂટોની બસો બંધ રહેતા બગસરાની જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે.

વિગત અનુસાર બગસરા એસ.ટી. ડેપો મેનેજર ગઢવી મેડમ અવાર નવાર રજૂઆતો મેખિક તેમજ લેખિત કરવા છતાં રોજની ૧૮ થી વધુ બસો બંધ હોઈ જેના કારણે અપડાઉન કરતા મુસાફરોની હાલત ખરાબ થઈ છે. તેમજ અનેક વાર રજુવાતએ પણ કરવામાં આવી કે લાંબા અંતર જેવી કે કચ્છ, ભુજ, વડોદરા, દ્વારકા જેવા રૂટો ચાલુ કરવામાં આવે પરંતુ ઘણા સમયથી લેખિત તેમજ મૌખિક રજુવાત કરવા છતાં નવા રૂટો ફળવવામાં ન આવતા જુના રૂટ જે ચાલુ હતા તે બંધ કરવામાં આવ્યા જેના લીધે પેસેન્જરમાં નારાજગી જોવા મળી બગસરા પેસેન્જર એસોસિએશન અને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વારંવાર રજુઆત કરતા કોઈ સુધારો ના થતા તેમજ અનેક નવા રૂટો અને નવી બસો બગસરા ડિવિઝનને ફાળવવા માટે પણ અનેક રજૂઆતો કરવામાં આવેલ તેમ છતાં ડિવિઝન દ્વારા ઓરમાયું વર્તન કરતું હોય જેના કારણે ન છૂટકે આંદોલન કરવાની ફરજ પડી હોય તેવું પેસેન્જર એસોસિએશન અને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા છેલ્લા બે દિવસમાં જો કોઈ સુધારો નહીં કરવામાં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

---

**છેલ્લા ૧૫૦ વર્ષથી અવિતરણપણે**

## અમરેલીમાં કપોળ મહાજન દ્વારા તુલસી વિવાહનું સુંદર આયોજન

**આજે બપોર બાદ તુલસી વિવાહ વિધિ**

અમરેલી, તા. ૧

અમરેલી શહેરમાં છેલ્લા ૧૫૦ વર્ષથી અમરેલી કપોળ મહાજન દ્વારા તુલશી વિવાહનું ધામધૂમ અને આસ્થાભેર આયોજન થાય છે. ત્યારે છેલ્લા બે દિવસથી ચાલતાં કાર્યક્રમમાં વરતાળી બહેનો ઉત્સાહ પુર્વક ભાગ લઈ રહી છે. ત્યારે અંતિમ ચરણમાં આવતી કાલે તા.૨ને રવિવારના રોજ અંતિમ કાર્યક્રમના ત્રિદિવસીય કાર્યક્રમમાં સવારે ૮ થી ૧૦ કલાક સુધી પૂજનવિધિ અને બપોરે ૩-૩૦ કલાકે તુલસી વિવાહ વિધિ થશે.

અમરેલીમાં આવેલ કપોળ મહાજન વાડી ખાતે અમરેલી કપોળ મહાજન દ્વારા તુલસી વિવાહનું ધામધૂમ અને આસ્થાભેર આયોજન થયું છે. જેમાં આવતી કાલ રવિવારના રોજ સાંજે ૪ કલાકે ઠાકોરજીનો વરઘોડો અમરેલીના જ વેરાઈ માતાજીનાં મંદિર સામે આવેલ દ્વારકાધીશજી મંદિર ખાતેથી બેન્ડ વાજા, ઢોલ, નગારાં સાથે ધામધૂમથી પ્રસ્થાન કરશે. જે શહેરના રાજમાર્ગો ઉપર ફરી અને કપોળ મહાજન વાડી ખાતે આવી પહોંચશે.

આ ઠાકોરજીનાં વરઘોડા પ્રસંગમાં અમરેલી શહેરના શ્રેષ્ઠીઓ, વિવિધ સંસ્થાઓનાં આગેવાનો, વેપારીઓ તથા સમસ્ત કપોળ સમાજ પરિવારના જ્ઞાતિબંધુઓ તથા તુલશી વિવાહમાં ભાગ લઈ રહેલી વરતાળી બહેનો સહિતના ઉપસ્થિત રહેશે.

આ તુલશી વિવાહમાં ૫૪ વરતાળી બહેનો ભાગ લઈ રહી છે. હોય, તમામ આયોજનને દર વર્ષની જેમ સફળતા પુર્વક સંપન્ન કરવા માટે થઈ અમરેલી કપોળ મહાજનના પ્રમુખ રાજેશભાઈ મહેતા ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ મહેતા સહિતના ટ્રસ્ટીગણ છેલ્લા ૧૦ દિવસથી જહેમત ઉઠાવી રહયા છે.

ત્યારે આવતીકાલે ઠાકોરજીનાં વિવાહ સંપન્ન થતાની સાથે જ અમરેલી શહેર સહિત જિલ્લામાં લગ્નસરાની મૌસમ પૂરબહારમાં નીકળશે.

---

**દેવ દિવાળીનાં દિવસે**

## બાબરામાં ચિરોડીની સ્થાનીક બજારમાંથી ખરીદી કરવા સંદેશ

**શહેરી ભાજપ મહામંત્રી સાંગડીયાની જાગૃતિ**



બાબરા, તા. ૧

સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા હરઘર સ્વદેશી ઘરઘર સ્વદેશી અભિયાન શરૂ કરી તેના સ્ટીકર અને સંદેશ આપી લોકોને સ્થાનિક બજારોમાં ખરીદી કરવામાંનો આગ્રહ કરવામાં આવે છે લોકલ ફોર વોકલનો એક મંત્ર પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા અભિયાન રૂપી દેશની જનતાને આપ્યો છે.

ત્યારે બાબરા શહેર ભાજપના મહામંત્રી રમેશભાઈ સાંગડીયા દ્વારા રાજય સરકારના હરઘર સ્વદેશી ઘરઘર સ્વદેશી અભિયાનમાં જોડાયા છે અને શહેરના લોકોને એક સંદેશ મળે તેવા હેતુ સાથે દેવ દિવાળીના દિવસે પોતાના ઘરના આંગણે સ્વદેશી અભિયાનનો મેસેજ આપતી એક રંગોળી ચિરોડી કલરથી દોરી લોકોને જાગૃત કરવા એક સંદેશ આપ્યો છે.

તેઓએ જણાવ્યું હતું લોકો ઓનલાઈન ખરીદી કરવા લાગતા સ્થાનિક બઝારાઓ મંદી દેખાવા લાગી જેના કારણે વેપારીઓ આર્થિક રીતે મુશ્કેલીઓ મુકાયા અને બઝારમાં રોનક વય ગઈ ત્યારે દેશના પ્રધાનમંત્રી લોકલ ફોર વોકલનો એક મંત્ર આપી સ્થાનિક બઝારોમાં ખરીદી કરવાનો અનુરોધ કરે છે ત્યારે પોતાને પણ વિચાર આવ્યો કે અન્ય રંગોળી દોરતા હોય પણ આ રંગોળી દોરીને લોકને એક મેસેજ આપી જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

---

**કમોસમી વરસાદથી અસરગ્રસ્ત થયેલ**

## ખેડુતોને ટુંકી પ્રક્રિયાથી સહાય આપવાનાં નિર્ણયને આવકારતા દીપક માલાણી

**સર્વે અને અન્ય ડોકયુમેન્ટની અઘરી પ્રક્રિયા દુર**

અમરેલી, તા. ૧

સાવરકુંડલા તાજેતરમાં રાજયમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના જીલ્લાઓમાં સતત આઠ દિવસ કમોસમી વરસાદ થતા ખરીફ પાક જેવા કે મગફળી, કપાસ, ડુંગળી, સોયાબીન વિ. સમગ્ર પાકને મોટું નુકસાન થયુ છે. અને ખેડુતોને હાથમાં આવેલો કોળીયો જુટવાય જાય એટલી હદે નાશ પામ્યો છે. એક એકર જમીન પણ એવી ન ગણાય કે જયાં ખેતી પાકને નુકશાન નથી થયુ. તેવા સંજોગોમાં ડીઝીટલ સર્વે, મેન્યુઅલ સર્વે, આ ડોકયુમેન્ટ, પેલા ડોકયુમેન્ટસની લાંબી પ્રક્રિયાને બદલે સરકારે જાહેરાત કરી કે કોઈપણ લાંબી અને ઝટીલ પ્રક્રિયા કે ડોકયુમેન્ટસ મેળ વવાને બદલે ખેડુતો સુધી જ રાહત પેકેજ જાહેર કરી તેના ખાતામાં સહાયની રકમ



જમા કરવામાં આવશે. તે નિર્ણયને સાવરકુંડલા માર્કેટયાર્ડના ચેરમેન, સહાકારી અગ્રણી અને ખેડુત કાર્યકારી દિપક માલાણીએ આવકારેલ છે. અને ખેડુતોને કુદરતી આફતની નુકસાની સામે પ્રથમ વખત આવી સરળ અને ટુંકી પ્રક્રિયા જાહેર કરેલ છે. તેના કારણે અનેક ખેડુતોને પોતાની નુકસાનીની નોંધણી કરાવવામાં અને સહાય મેળવવા માટે લાંબી અને સમય માંગતી પ્રક્રિયામાંથી પસાર નહીં થવુ પડે. આ વખતની કુદરતી આફતની નુકસાની પણ કદી ન થઈ હોય તવે વ્યાપક એટલે કે વાવેતર હેઠળનો એક ટુકડો પણ બાકી ન હોય તેવી મોટી છે. પાક નુકસાની ટકાવારીનું પ્રમાણ પણ મોટું છે. ખેડુતે બિયારણ, દવા, ખાતર, મજુરીમાં રોકેલા નાણાં સહીત સંપૂર્ણ ખેત પેદાશ હતી. ત્યારે સરકારનો આવો નિર્ણય બધી જ રીતે ઉચીત છે. તેને ચેરમેન દિપકભાઈ માલાણી તેમજ અન્ય સહકારી આગેવાનો મહેશભાઈ લખાણી, જસુભાઈ ખુમાણ, દેવાતભાઈ બલદાણીયા સહિત સાવરકુંડલા તાલુકાના ખેડુતો, અગ્રણીઓમાં વ્યાપક આવકાર મળેલ છે.

કેરેલાના ડોકટરશ્રી દ્વારા આયુર્વેદિક થી સારવાર અને ઓપરેશન આયુર્વેદિક વિભાગ
હરસ-મસા-ભગંદર કે ફિસરની આયુર્વેદ ક્ષારસુત્ર થી સારવાર | આયુર્વેદિક શસ્ત્રકર્મ સારવાર | શલ્ય વિભાગ
મોટા આંતરડાનો અંતિમ ભાગ મળાશય તરીકે ઓળખાય છે. આ મળમાર્ગ (Ano-Rectal) ના રોગનાં સામાન્ય લક્ષણો આ પ્રમાણે છે.
❖ મળત્યાગ વખતે મળમાર્ગમાં દુઃખાવો, બળતરા અથવા રકતસ્ત્રાવ થવો ❖ સંડાસ જતી વખતે ભાગ બહાર નીકળવો ❖ કાયમી કબજીયાત, ગેસટ્રબલ, અપચો રહેવો ❖ બેસવામાં તકલીફ થવી, મળમાર્ગમાં ખંજવાળ આવવી, રસી નીકળવી, ચીકાસ આવવી કે ભીનું લાગવું
❖ વારંવાર મળમાર્ગની આસપાસ ફોલ્લી જેવું થવું ❖ વારંવાર મરડો તથા ઝાડા થવા ❖ ભુખ ન લાગવી, જમ્યા પછી પેટમાં ભારે લાગવું ગેસટ્રબલ રહેવી, કમરમાં દુઃખાવો રહેવો ❖ મળત્યાગનો કંટ્રોલ ન હોવો ❖ પીડાદાયક મળત્યાગ
❖ મુત્રાશયની પથરી, અલ્પમુત્રતા-ઉનવા, પ્રોસ્ટેટની તકલીફ તથા અન્ય શસ્ત્રક્રિયા સાધ્ય રોગો જેવા કે કપાસી, રસોળી, નાડીવ્રણ, ચરબીની ગાંઠ વગેરેની સર્જીકલ સારવાર
વૈદ્યશ્રી ડો. અજય કરુન પી. M.S. (આયુ.)
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદિક હોસ્પિટલ
(ગોળ હોસ્પિટલ) એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯ / ૨૨૮૯૦૪

# સંવેદનશીલ સરકાર હોવાનો દાવો કરતો શાસક પક્ષ આત્મમંથન કરે

# ઉદ્યોગપતિનું લાખો કરોડનું દેવું માફ થાય તો ખેડૂતોનું દેવુ માફ કરવામાં શું મુશ્કેલી છે ?

અમરેલી જિલ્લા સહિત અનેક પંથકમાં થયેલ કમોસમી વરસાદથી ખેડૂતોનો પાક નાશ પામ્યો હોય દેવુ માફ કરવુ જરૂરી

દિવસ-રાત કાળી મહેનત કરતાં ખેડૂતોનાં ર-પ લાખનાં દેવા માફ કરવા માટે સરકાર નિર્ણય કરે

રાજય અને કેન્દ્ર સરકાર મોટા-મોટા તાયફાઓ બંધ કરે તો પણ ખેડૂતોનું દેવુ માફ થઈ શકે તેમ છે

પ્રચાર-પ્રસાર પાછળ દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ પણ ઓછો કરીને ખેડૂતો અને ગરીબોની મદદ થઈ શકે તેમ છે



અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા સહિત અનેક પંથકમાં કમોસમી વરસાદથી ખેતીપાકો તબાહ થઈ ચુકયા છે. ખેડૂતો રાતે પાણીએ રોઈ રહ્યા છે. ખેડૂતો, શ્રમિક પરિવારની મહિલાઓ, બાળકો પણ ચોધાર આંસુએ રડી રહ્યા હોય અને સૌ કોઈ ખેડૂતોનાં દેવા માફ કરવાની માંગ કરી રહ્યા છે. ત્યારે સંવેદનશીલ સરકાર હોવાનો દાવો કરતાં શાસકો ખેડૂતોનું દેવુ માફ કરી શકે તેવો વેધક પ્રશ્ન ઉપસ્થિત થઈ રહ્યો છે.

દેશનાં મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓનાં લાખો–કરોડો રૂપિયાનાં દેવા માફ થઈ શકતા હોય દેશનાં તમામ ગરીબ અને પિડીત ખેડૂતોનાં પણ દેવા માફ થઈ શકે તેમ છે. રાજય અને કેન્દ્ર સરકાર પ્રચાર–પ્રસાર કે અન્ય તાયફા પાછળ જે ખર્ચ કરે તો તે બંધ કરે તો પણ દેશનાં કરોડો ખેડૂતોનાં દેવા માફ થઈ શકે તેમ છે.

અમરેલી જિલ્લામાં અંદાજિત ર થી ૩ લાખ જેટલા ખેડૂત પરિવારો છે તેઓને આજે આર્થિક મદદની ખાસ્સી જરૂર છે અને દેવા માફી કરીને પાક નુકસાનીની સહાય ચુકવવી અત્યંત જરૂરી છે. અનેક ગરીબ પરિવારોનાં મકાન ધરાશાયી થયા તો શ્રમિકો પણ ચિંતિત છે. નાના વેપારીઓ સહિત સૌ કોઈ પરેશાન હોય સરકારે વિશાળ મન રાખીને જનતાનાં પરસેવાનાં પૈસાથી સરકારી તિજોરી છલોછલ હોય તેમાંથી ગરીબ જનતાનાં દેવા માફ કરવા જોઈએ તે સમયની માંગ છે.

## રેશનીંગ દુકાન ધારકોએ પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું

# અમરેલી જિલ્લામાં વિનામુલ્યે અનાજ વિતરણ બંધ કરવાની ચીમકી અપાઈ

પડતર માંગણીઓ પુર્ણ ન થાય તો વિતરણ બંધ



અમરેલી, તા. ૧

અમરેલી શહેર જિલ્લા સહિત સમગ્ર રાજયના સસ્તા અનાજના વેપારીઓને લાંબા સમયથી તેમનાં પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં આજ તા. ૧થી નવેમ્બરથી પ૪૬ લાયસન્સ ધારકો અનાજ વિતરણથી અળગા રહેવાનું શસ્ત્ર ઉગામ્યું છે. અગાઉ ગાંધીનગર સુધી રજૂઆતો કરવામાં આવી હતી છતાં આજ સુધી કોઈ ઉકેલ ન આવતાં આખરે અમરેલી શહેર– જિલ્લા ફેર પ્રાઈઝ શોપ એસાસિએશનના વેપારી આગેવાનો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને બાદમાં અમરેલી જિલ્લા પુરવઠા અધિકારી કુંભાણી તેમજ અમરેલીના મામલતદારને ઇ–પ્રોફાઈલમાં તકેદારી સહાયકનો ઉમેરો, સિંગલ ફિંગરપ્રિન્ટ દ્વારા બે બિલ બને, સમિતિના સભ્યોના ૮૦% બાયોમેટ્રિક વેરિફિકેશનનો પરિપત્ર રદ કરવાની માંગ સાથેનું

અનુસંધાન પાના ૬ ઉપર

## અધિકારીઓ સાથેની બેઠકમાં હકીકતો જણાવી

# અમરેલી જિલ્લામાં લગભગ તમામ ખેતીપાકોનો નાશ થયો છે : મહેશ કસવાલા

ખેડૂતોને બનતી તમામ મદદ કરવા સુચના આપી



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલામાં ખેડુત પુત્રનો આત્મા જાગી ચુકયો છે. તેઓને તાલુકાનાં અધિકારીઓ સાથેની સંકલન બેઠકમાં ખેડુતોની દયનીય બનેલ સ્થિતિનું અધિકારી સમક્ષ વર્ણન કરીને ખેડુતોને તમામ મદદ કરવા સુચના આપી હતી.

તેઓએ જણાવ્યું કે મારા રપ વર્ષનાં જાહેર જીવનમાં આટલી મોટી નુકસાની ખેડુતોની કયારેય નિહાળી નથી. કમોસમી વરસાદથી લગભગ તમામ ખેતીપાકો તબાદ થયા છે. અને જયારે પણ ખેડુતો ચિંતામાં કોઈ અધિકારી કે પદાધિકારી સામે ઉશ્કેરાઈ તો તેને પણ આપણે સૌએ સહન કરવું પડશે. કારણ કે ખેડુતનાં લીધે જ આપણા મોં સુધી અનાજ પહોંચે છે. અનેક પરીસ્થિતિ હોય આપણે સૌએ સાથે મળીને ખેડુતોને મુશ્કેલીમાંથી બહાર કાઢવાનાં છે. તે પુછવાનું નથી.

# ધારીના સરસીયા ગામમાં મકાન ધરાશાયી : ૧ મહિલાનું મોત



ધારી ગીર પંથકમાં કમોસમી વરસાદને કારણે ભારે નુકસાન થયું છે. ખાસ કરીને ધારી તાલુકાના સરસીયા ગામમાં મકાન ધરાશાયી થવાની દુઃખદ ઘટના બની છે. દરમિયાન એક આધેડ મહિલાનું મોત પણ થયું છે. પ્રાપ્ત માહિતી મુજબ, સરસીયા ગામમાં અલગ– અલગ સ્થળે ૩ જેટલા મકાનની દિવાલ ધરાશાયી થઈ ગઈ છે. મકાન ધરાશાયી થવાની મુખ્ય કારણ સતત અને ભારે વરસાદ હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે જમીન દોસ્ત થઈ ગયાની સ્થિતિ સર્જાઈ. મકાન ધરાશાયી થતાં અનેક પરિવારો ઘરો ખાલી કરીને સલામત જગ્યાએ પરિવર્તિત થયા છે. આ અકસ્માતથી પૂરતી સાવચેતી રાખવાની અને વધારે નુકસાન ટાળવા માટે લોકો પાસે રહેલા ખતરનાક મકાનોમાંથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1
  Experience: 1-2 Years
- Sales & Marketing Officer - 2
  Experience: 1-2 Years
- Night Billing Executive - 2
  Experience: 1-2 Years
- Reporting Manager - 2
  Experience: 1-2 Years
- Junior Accountant - 1
  Experience: 1-2 Years
- Trainer - 1
  Experience: 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ર૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.
કન્સલટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઇ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
● ઉદાસી રોગ
● મરવાના વિચાર આવવા
● વિચારવાયુ
● વહેમ, શંકા
● મંદબુધ્ધિ બાળકોની સારવાર
● ચિંતા - ટેન્શન
● માથાનો દુઃખાવો
● જાતિય રોગો
● વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...

LG Life's Good.
Not just any AI Smart TV
NEXT-GEN LG AI TV
GST 28% >>> 18%
LG OLED evo
α11 4K | Dolby Vision Atmos | webOS | AI Voice ID Chatbot | Microsoft Copilot
Festive Offers
3 YEAR WARRANTY (On Select LG TVs)
Up to 26% CASHBACK Max ₹26000 ON SELECT CREDIT / DEBIT CARDS
Up to 30% OFF ON LG SOUNDBAR (With Select 4K TVs)
*T&C Apply
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
Mo. 94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)